| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૧/૦૩/૨૦૨૬ | | |
| રજિસ્ટર તારીખ | ૧૧/૦૩/૨૦૨૬ | | |
| ફેસલ તારીખ | ૧૩/૦૩/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | **૦૦** | **૦૦** | **૦૨** |

## અમદાવાદ (ગ્રામ્ય) ના મહે.નવમા અધિક સેશન્સ જજશ્રીની કોર્ટમાં, અમદાવાદ.

**<u>ફોજદારી પરચુરણ અરજી નંબર: ૭૨૬/૨૦૨૬</u>**

**આંક:**

**અરજદાર :–** **રાજન નિલેષભાઈ ધોબી**
ઉ.વ.આ.૨૪, જાતે ધર્મે : હિન્દુ, ધંધો–છુટક મજુરી,
રહેવાસી– એ/૧૦૪, આલય ફ્લેટ, સાણંદ,
તા.સાણંદ, જી. અમદાવાદ.
(હાલ રહે. સેન્ટ્રલ જેલ, સાબરમતી, અમદાવાદ)

વિરૂધ્ધ

સામાવાળા : સ્ટેટ ઓફ ગુજરાત

**બાબત:** **સાણંદ પોલીસ સ્ટેશન, ગુ.ર.નં.૧૧૧૯૨૦૫૦૨૫૦૭૯૬/૨૦૨૫, ધી પ્રોહી. એક્ટની કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબના ગુન્હાના કામે <u>ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવાની અરજી.</u>**

---

અરજદારો તરફે વિ.વ.શ્રી જે.એસ. સોલંકી
સામાવાળા સરકાર તરફે વિ.પી.પી. શ્રી પી. એમ. ત્રિવેદી.

---

**<u>–:: હુકમ ::–</u>**

**૧.** અરજદાર/આરોપીએ હાલની આ અરજી સાણંદ પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૨૦૫૦૨૫૦૭૯૬/૨૦૨૫, પ્રોહિબિશન એક્ટની કલમ–૬૫(એ)(ઇ),૧૧૬(બી), ૯૮(૨), ૮૧, મુજબના કામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા એકટ રેગ્યુલર જામીન મેળવવા કરી છે.

**૨.** હાલના કામે ફરિયાદ હકીકત ટૂંકમાં એવી છે કે, આ કામના આરોપીએ ગેર કાયદેસર રીતે વગર પાસ પરમીટે તેના હવાલા વાળી સ્વીફ્ટ ગાડી નંબર–જી.જે–૩૮–બી.એફ–૫૫૫૧ કિમત રૂપિયા ૪,૦૦,૦૦૦/– માં ભારતીય બનાવટનો ઈગ્લીશ દારૂની નાની મોટી બોટલો તથા બીયર ટીન મળી કુલ નંગ–૭૩૨ કુલ કિંમત રૂપિયા. ૪,૨૮,૬૪૦/– તથા મોબાઈલ ફોન નંગ–૧ કિમત રૂપિયા ૫,૦૦૦/– મળી કુલ મુદામાલ કિમત રૂપિયા ૮,૩૩,૬૪૦/– ના મુદામાલ સાથે હાજર મળી આવી પકડાઈ જઈ તથા આરોપી રાજન નીલેશભાઈ ચૌહાણ તથા ઈગ્લીશ દારૂનો જથ્થો મોકલી આપનાર કે.ડી. તથા ઈગ્લીશ દારૂ આઈશરમાં ભરીને લઈને આવનાર અજાણ્યા ચાર ઈસમો તથા સદર મળી આવેલ ઈગ્લીશ દારૂ માંથી દારૂ વેચાણ રાખનાર અરજદાર/આરોપી તથા જીગર હાજર નહિ મળી આવી ગુન્હો કરેલ.

**3.** હાલની અરજી અન્વયે સામાવાળા શ્રી સરકારને નોટિસ કરતાં સામાવાળા તરફે વિદ્વાન સરકારી વકીલશ્રી પી.એમ.ત્રિવેદી હાજર થઇ, તપાસ કરનાર અમલદારનું સોગંદનામું રજૂ થયેલ છે.

**૪.** અરજદારના વિદ્વાન વકીલશ્રીની રજૂઆત છે કે, સદર કામના અરજદાર/આરોપી તદન નિર્દોષ તથા બેગુનાહ વ્યકિત છે તેઓ સદરહું ગુનામાં કસુજ જાણતા ન હોવા છતાં ખોટી રીતે સંડોવણી કરી ફસાવી દીધેલ છે તથા બનાવ ખોટા તથા ઉપજાવી કાઢેલ છે. એફ.આઈ.આર.માં અરજદાર/આરોપીની ખોટી ભૂમિકા બતાવી ખોટી સંડોવણી કરેલ છે. અરજદાર /આરોપી પાસેથી કહેવાતી ફરિયાદ મુજબનો કોઈ મુદામાલ રીકવર કે ડીસ્કવર

થયેલ નથી. પરંતુ પોલીસે આ કામના આરોપી નંબર–૧ પાસેથી મુદામાલ રીકવર કરેલ છે, નામદાર કોર્ટ દ્રારા આ ગુનાના કામે આરોપી અમનખાન બસીરખાન પઠાણની ફો.પ.અ.નં. ૩૯૭૯/૨૦૨૫ થી તારીખ–૧૫/૧૨/૨૦૨૫ ના રોજ રેગ્યુલર જામીન ઉપર મુકત કરતો હુકમ કરેલ છે. જેથી હાલના અરજદાર/આરોપી ને પણ પેરીટીનો લાભ મળવાપાત્ર હોય, અરજદાર/આરોપીને જામીન અરજી મંજુર કરવા રજૂઆત કરેલ છે.

**૫.** આ કામે સામાવાળા શ્રી સરકાર તરફે વિધ્વાન ડી.જી.પી. શ્રી ત્રિવેદી ધ્વારા, રજૂઆત કરવામા આવેલ છે કે હાલના અરજદાર/આરોપી વિરૂધ્ધ ના પ્રોહી એકટ કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(બી) ૯૮(૨), ૮૧ જેવા ગંભીર પ્રકારના ગુનાના આક્ષેપ છે. અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો ફરી વખત આ પ્રકારના અન્ય ગુન્હા આચરે તેવી શકયતા હોય તેમજ ભવિષ્યમાં ન્યાયિક કાર્યવાહી દરમ્યાન હાજર રહે નહી તેવી સંભાવના હોય જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

**૬.** જામીન અરજી વંચાણે લીધી, ઉભય પક્ષકારોની દલીલો સાંભળી, જામીન અરજીનો નિર્ણય કરવા સમયે આરોપી સામેના ગુન્હાની ગંભીરતા, ગુન્હાનો પ્રકાર, આરોપીએ ગુન્હામાં ભજવેલો ભાગ, આરોપીની નાસી ભાગી જવાની શક્યતા, ટ્રાયલ સમયે હાજરીની શક્યતા, સમાજનું વિશાળ હિત વિગેરે પરિબળો ધ્યાને લેવાના રહે છે. ફરિયાદ હકીકત ધ્યાને લેતાં આરોપીને કસ્ટડી મુક્ત કરવાથી તપાસ ઉપર અસર પડે તેવી કોઇ હકીકત જણાતી નથી. આક્ષેપિત ગુન્હામાં સજાની જોગવાઇ અને આક્ષેપિત ગુન્હાનું સ્વરૂપ જોતાં તેમજ આરોપીની ટ્રાયલ સમયે હાજરીની શક્યતા અને આરોપીની મુક્તિથી સાહેદોની સુરક્ષા ઉપર થતી અસર, જાહેર સુલેહ શાંતિના ભંગની શક્યતા વગેરે તમામ કારણો ધ્યાને લેતાં આરોપીને શરતોને આધિન જામીન મુક્ત કરવા વાજબી જણાય છે. તપાસ કરનાર અમલદારના સોગંદનામામાં જણાવેલ હકીકતો કે, અરજદારને જામીન મુક્ત કરવામાં આવશે તો નાસી ભાગી જશે અને ફરિયાદી/ સાહેદો સાથે સુલેહ ભંગ કરે તેમજ સાહેદોને લાલચ– પ્રલોભન

આપી ડરાવી–ધમકાવી પુરાવા સાથે ચેડા કરે તેવી શંકા દર્શાવેલ છે, પરંતુ તેવી દહેશત કડક શરતો મૂકીને નિવારી શકાય છે. જેથી અરજદારને યોગ્ય શરતોએ જામીન ઉપર મુક્ત કરવા ઉચિત અને ન્યાયી જણાય છે.

**૭.** અત્રે એ હકિકતની નોધ લેવી જરૂરી છે કે આ ગુનાના અન્ય આરોપીને અત્રેની અદાલતે યોગ્ય શરતોને આધિન જામીન મુકત કરવાનો હુકમ કરેલ છે. આ સબંધે અરજદાર આરોપી તરફે વિ.વ.શ્રી એ દલીલ કરેલ છે કે આ ગુનાના અન્ય આરોપીને જામીન મુકત કરેલ હોય પેરીટીના સિધ્ધાંત મુજબ હાલના અરજદાર/આરોપીને પણ જામીન મુકત કરવા જોઈએ. આમ પેરીટીના સિધ્ધાંતને ધ્યાને લેતા તથા કેસની હકિકતો અને સંજોગો ધ્યાને લેતા હાલના આરોપીને યોગ્ય શરતોને આધિન જામીન મુકત કરવા પાત્ર જણાતુ હોય હાલની અરજી મંજુર કરવાપાત્ર છે. નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– :: હુ ક મ :: –**

**૧.** અરજદાર/આરોપીની રેગ્યુલર જામીન અરજી **મંજૂર** કરવામાં આવે છે.

**૨.** સાણંદ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૨૦૫૦૨૫૦૭૯૬/૨૦૨૫, પ્રોહિબિશન એક્ટની કલમ– ૬૫(એ)(ઇ),૧૧૬(બી), ૯૮(૨), ૮૧, મુજબના ગુનાના કામે અરજદાર/આરોપી **રાજન નિલેષભાઈ ધોબી**, નાઓને **રૂ. ૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પુરા)** ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત જામીન આપ્યેથી નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો :–**

**/૧/** અરજદાર/આરોપીએ ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહી કે સાક્ષી પુરાવા તોડવા ફોડવા પ્રયત્ન કરવો નહી કે ફરીયાદી, સાહેદો ને કોઈ ધાક ધમકી આપવી નહી.

**/૨/** અરજદાર/આરોપીએ આ કામે ચાર્જશીટ ન થાય ત્યાં સુધી દર મહિનાની ૧લી અને ૧૫મી તારીખે સવારે ૯–૦૦ થી ૩–૦૦ દરમ્યાન સંબંધિત

પોલીસ સ્ટેશનમાં અચુકપણે પોતાની હાજરી પુરાવવી.

/૩/ અરજદાર/આરોપીએ પોલીસ તપાસના કામે પુરો સહકાર આપવો અને તપાસ કરનાર અમલદાર જયારે અને જયાં બોલાવે ત્યારે અને ત્યાં હાજર રહેવુ.

/૪/ અરજદાર/આરોપીએ પોતાના રહેણાંકનું પુરુ સરનામુ પોતાના મોબાઈલ નંબર અને જરૂરી આધાર પુરાવા સાથે લેખીત પુરસીસથી તપાસનીશ અમલદાર સમક્ષ અને નીચેની કોર્ટમાં જાહેર કરવુ અને હકુમત ધરાવતી કોર્ટની પરવાનગી વગર તેમાં ફેરફાર કરવો નહી.

/૫/ અરજદાર/આરોપીએ તેમની વિરૂધ્ધના કેસનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી હકુમત ધરાવતી કોર્ટની પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહી.

/૬/ અરજદાર/આરોપીએ ટ્રાયલ દરમ્યાન નિયમીત રીતે હાજર રહેવુ.

/૭/ અરજદાર/આરોપીએ કોઈ ગુનાહિત પ્રવૃતિ કરવી નહી કે અન્ય કોઈ ગુના આચરવા નહી.

/૮/ જો અરજદાર/આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો દિન–પ માં નીચેની કોર્ટમાં જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગે પોતાનુ સોગદનામું રજુ કરવુ.

જામીન નીચેની કોર્ટ સમક્ષ આપવા.

હુકમ મુજબ જરૂરી યાદી કરવી.

હુકમ આજ તા. ૧૩મી માહે માર્ચ, સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

Digitally signed by
SANJAYKUMAR CHHAGANBHAI MAKVANA
on 13/03/2026 18:27:51 IST.

(સંજયકુમાર છગનભાઈ મકવાણા)

તારીખ: ૧૩/૦૩/૨૦૨૬

અમદાવાદ

૯ મા એડીશ્નલ સેશન્સ જજ
અમદાવાદ (ગ્રામ્ય) અમદાવાદ.
જી.જે. ૦૦ ૯૨૦